INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૯૮
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૯-૦૮-૨૦૨૬

**ભાવનગર લઠ્ઠાકાંડ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાની પ્રતિક્રિયા**

- **ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર, ભાજપ સરકારમાં ખુલ્લેઆમ ચાલે છે 'હપ્તા રાજ' : અમિત ચાવડા**
- **ભાવનગર લઠ્ઠાકાંડ માટે ગૃહમંત્રી અને મુખ્યમંત્રી સીધા જવાબદાર, નાના અધિકારીઓને બલિના બકરા બનાવી સરકાર જવાબદારીમાંથી છટકી ન શકે: અમિત ચાવડા**
- **સરહદો પરથી દારૂ–ડ્રગ્સના કન્ટેનરો ઘૂસે છે, યુવાધન બરબાદ થાય છે; પરંતુ ગૃહમંત્રી 'રીલ્સ' બનાવવામાં મસ્ત છે : અમિત ચાવડા**
- **દારૂબંધીનો કડક અમલ નહીં થાય તો યુવા પેઢીના ભવિષ્ય માટે કોંગ્રેસ રાજ્યવ્યાપી જનઆંદોલન કરશે: અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ ભાવનગર લઠ્ઠાકાંડ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ ગાંધીજીનું ગુજરાત છે, જ્યાં દારૂબંધીનો કાયદો અમલમાં છે. પરંતુ હપ્તા લેતી આ સરકારના શાસનમાં દારૂબંધીના કાયદાના રોજેરોજ લીરેલીરા ઉડી રહ્યા છે. અગાઉ પણ ગુજરાતમાં અનેક વખત લઠ્ઠાકાંડ થયા છે અને ઝેરી તથા નકલી શરાબના કારણે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. છતાં સરકાર આ ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી.

ગુજરાતની ચારે તરફની સરહદોમાંથી રોજ કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઘૂસે છે. રાજ્યમાં દારૂની રેલમછેલ છે. ડ્રગ્સના નેટવર્કના કારણે ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે. પરંતુ રીલ્સ બનાવતા ગૃહમંત્રીને તેની કોઈ ચિંતા નથી અને હપ્તા લેતી સરકારને પણ ગુજરાતના યુવાનોના ભવિષ્યની કોઈ ચિંતા નથી.

આજે ભાવનગરમાં નકલી અને ઝેરી દારૂના કારણે બે લોકોના મોત થયાની ઘટના સામે આવી છે. આ બે લોકોના મોત માટે જવાબદાર કોણ? સ્થાનિક પોલીસ સ્ટેશન?, DYSP?, SP?, રેન્જ IG?, DGP?, રાજ્યના ગૃહમંત્રી? કે પછી મુખ્યમંત્રી. જ્યારે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોય, દારૂનો વેપાર ધમધોકાર ચાલતો હોય અને દારૂના અડ્ડાઓ ધમધમતા હોય, ત્યારે હપ્તા વિના આ બધું શક્ય નથી. પોલીસ સ્ટેશનથી લઈને મુખ્યમંત્રી કાર્યાલય સુધી હપ્તા પહોંચે છે તેવી ચર્ચા ગુજરાતની જનતામાં જાહેરમાં થઈ રહી છે.

ભાવનગરમાં ડુપ્લિકેટ દારૂના કારણે થયેલા મોત માટે સીધી જવાબદારી પોલીસ તંત્રની તો છે જ, પરંતુ તેની સાથે આ સરકારના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પણ જવાબદારીમાંથી છટકી શકે નહીં. સરકારની નાક નીચે દારૂ વેચાય અને ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થાય, તો જવાબદારી માત્ર નાના અધિકારીની નક્કી કરીને સરકાર પોતાની જવાબદારીથી બચી શકે નહીં. લોકો મરતા રહેશે અને ગૃહમંત્રી રીલ્સ બનાવતા રહેશે? દારૂ વેચાતો રહેશે, લોકો પીતા રહેશે અને નિર્દોષ લોકો મરતા રહેશે? અને હપ્તા લેતી આ સરકાર માત્ર તમાશો જોતી રહેશે?

સરકારને શરમ આવવી જોઈએ કે દારૂબંધીનો કાયદો હોવા છતાં ગુજરાતમાં નકલી અને ઝેરી દારૂના કારણે લોકોના જીવ જઈ રહ્યા છે. આ સ્થિતિ માટે જવાબદાર માત્ર દારૂ વેચનાર નથી; દારૂના ગેરકાયદેસર વેપારને છૂટો દોર આપતી અને આંખ આડા કાન કરતી હપ્તાખોર સરકારના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પણ પણ એટલાજ જ જવાબદાર છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલ માટે વારંવાર જાહેર કાર્યક્રમો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ દારૂના અડ્ડાઓ પર જઈને જનતા રેડ કરી છે અને વિધાનસભામાં પણ વારંવાર દારૂબંધી, દારૂના ગેરકાયદેસર વેપાર અને ડ્રગ્સના મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે.

આવનારા દિવસોમાં પણ જો આ સરકાર હપ્તાની લાલચમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ નહીં કરે, તો ગુજરાતની નવી યુવા પેઢીને દારૂ અને ડ્રગ્સના નશાથી બચાવવા માટે કોંગ્રેસ પાર્ટી જનઆંદોલનના સ્વરૂપમાં મેદાનમાં ઉતરશે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર નહીં, પરંતુ જમીન પર પણ દેખાવી જોઈએ. દારૂબંધીના કાયદાનો કડક અને સંપૂર્ણ અમલ કરાવવાની આ લડાઈ કોંગ્રેસ જનતાની સાથે રહીને અંત સુધી લડશે.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર અને પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮